# અમદાવાદમાં ૮.૩૨ કરોડનું ટ્રામાડોલ ડ્રગ ઝડપાયું

**વલસાડના** સૂત્રધારની રાજસ્થાનથી ધરપકડ કરતી ATS

અમદાવાદ : એ.ટી.એસ.ની ટીમે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાંથી ગેરકાયદેસર સાયકોટ્રોપિક સબસ્ટન્સ 'ટ્રામાડોલ' (Tramadol) ટેબલેટનો અધધ ૨,૦૮,૦૦૦નો જથ્થો જપ્ત કર્યો છે. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત આશરે રૂ. ૮ કરોડ ૩૨ લાખ થાય છે. આ ગુનાના મુખ્ય સૂત્રધાર પરેશ પારસમલ જૈનની રાજસ્થાનના ઉદયપુર ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક એસ.એલ. ચૌધરીને ચોક્કસ બાતમી મળી હતી કે, પરેશ પારસમલ જૈન (રહે. પારડી, વલસાડ; મૂળ રહે. સાદરી, રાજસ્થાન) નામનો ઈસમ લાંબા સમયથી ગેરકાયદેસર સાયકોટ્રોપીક સબસ્ટન્સ ટ્રામાડોલનો ધંધો કરે છે. આ માહિતીને ટેકનિકલ અને હ્યુમન રિસોર્સિસ દ્વારા વેરિફાય કરતા જાણવા મળ્યું હતું કે, આરોપીએ ટ્રામાડોલ ટેબલેટનો જથ્થો 'ન્યુ મહાવીર મેડીકલ'ના નામના ટેક્સ ઈન્વોઈસમાં બીજી દવાઓના નામ દર્શાવી અંકલેશ્વરથી એમ.આર. ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં રાજસ્થાનના પાલી ખાતે મોકલ્યો છે અને આ બસ અમદાવાદ શાહીબાગ નમસ્તે સર્કલ પાસે આવનાર છે. જેથી તેમાં તપાસ કરી ૨,૦૮,૦૦૦ ટ્રામાડોલ ટેબલેટ જપ્ત કરી હતી.બીજી તરફ, દરોડા દરમિયાન મુખ્ય આરોપી પરેશ પારસમલ જૈન રાજસ્થાન તરફ નાસી ગયો હોવાની માહિતી મળતા એ.ટી.એસ.ની એક ખાસ ટીમ તાત્કાલિક રાજસ્થાન રવાના કરવામાં આવી હતી અને આરોપીની ઉદયપુર જિલ્લાના ગોગુન્ડા તાલુકામાંથી ધરપકડ કરવામાં આવી હતી.

એટીએસના અધિકારીઓ દ્વારા મુખ્ય સૂત્રધાર પરેશ પારસમલ જૈનની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આરોપીએ મે-૨૦૨૬માં મેડીકલ સ્ટોકીસ્ટનું લાઈસન્સ લીધું હતું અને ત્યારથી અત્યાર સુધીમાં તેણે કુલ ૨૫ બેચમાં ૬૨,૫૪,૦૦૦ જેટલી ટ્રામાડોલ ટેબલેટ મંગાવીને રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં ગેરકાયદેસર રીતે વેચી મારી છે. આરોપીનો ગુનાહિત ઈતિહાસ જોતા, તે અગાઉ વર્ષ-૨૦૨૬માં જ ઉત્તરાખંડના હરિદ્વાર અને મહારાષ્ટ્રના થાણે ખાતે કોડીન કફ સીરપના એન.ડી.પી.એસ. (NDPS) ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે. આ ઉપરાંત, ગત મહિને એ.ટી. એસ. ગુજરાત દ્વારા વાપી ખાતેથી ૨.૩૮ કિલો મેફેડ્રોન ડ્રગ્સ સાથે જે ૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, તેમાં પણ આ આરોપીની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. હાલ એ.ટી.એસ. દ્વારા આ સમગ્ર ડ્રગ્સ રેકેટના મૂળ સુધી પહોંચવા માટે આગળની તપાસ તેજ કરવામાં આવી છે.

## ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં 6,784 બેઠક ફાળવવામાં આવી

**પ્રથમ** રાઉન્ડ માટેની ચોઈસ ફિલિંગ 30 જૂન સુધી ચાલશે

ગાંધીનગર : પ્રવેશ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોના પ્રવેશ માટે યોજાયેલા મોક રાઉન્ડની બેઠકમાં મોક રાઉન્ડ દરમિયાન સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓની કુલ 8,637 બેઠકોમાંથી 6,784 બેઠકો પર પ્રવેશ ફાળવણી કરવામાં આવી છે.

GUJCET આધારિત મેરીટ મુજબ કુલ 13,488 વિદ્યાર્થીઓને મેરીટ ફાળવવામાં આવી હતી, જેમાંથી 9,464 વિદ્યાર્થીઓએ મોક રાઉન્ડમાં ભાગ લીધો હતો. મોક રાઉન્ડ દરમિયાન સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓની કુલ 8,637 બેઠકોમાંથી 6,784 બેઠકો પર પ્રવેશ ફાળવણી કરવામાં આવી છે.

પ્રવેશ સમિતિએ જણાવ્યું હતુ કે NEETનું પરિણામ હજુ જાહેર થયું નથી, તેથી ઓલ ઈન્ડિયા ક્વોટાની સરકારી અને અનુદાનિત સંસ્થાઓની 58 બેઠકો માટે મેરીટ જાહેર કરવામાં આવી નથી તેમજ તે બેઠકોની ફાળવણી પણ કરવામાં આવી નથી.

વર્તમાન નિયમો મુજબ પ્રથમ રાઉન્ડ માટેની ચોઈસ ફિલિંગની કાર્યવાહી 30 જૂન, 2026 સુધી ચાલુ રહેશે. ત્યારબાદ 2 જુલાઈ, 2026ના રોજ પ્રથમ રાઉન્ડની બેઠક ફાળવણી જાહેર કરવામાં આવશે. તેનો વિગતવાર કાર્યક્રમ સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

વિદ્યાર્થીઓ પોતાનું મોક રાઉન્ડનું પરિણામ પોર્ટલ પર લોગ-ઈન કરીને જોઈ શકશે. તેની સાથે જ પ્રથમ રાઉન્ડ માટેની ચોઈસ ફિલિંગ પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ પોતાની પસંદગીમાં ફેરફાર કરી શકશે, નવી પસંદગીઓ ઉમેરી શકશે તેમજ જરૂરી સુધારા પણ કરી શકશે.

## 39 લાખની જૂની ચલણી નોટ સાથે સુરતનો યુવક ઝડપાયો

**અમદાવાદ** પોલીસે 500 રૂપિયાની 7,800 રદ થયેલી નોટો જપ્ત કરી બેની ધરપકડ કરી

અમદાવાદ : અમદાવાદના રામોલ વિસ્તારમાંથી રૂ.500ની રદ થયેલી જૂની ચલણી નોટોની ગેરકાયદે હેરફેરનું મોટાં કૌભાંડનો પોલીસે પર્દાફાશ કરીને બે શખસોની ધરપકડ કરી તેમની પાસેથી રૂ.39 લાખની કિંમતની 500 રૂપિયાની 7,800 જૂની ચલણી નોટો જપ્ત કરી છે. જ્યારે બે આરોપીઓ નાસી જતા તેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે શહેરના રામોલ વિસ્તારના રબારી કોલોની ચાર રસ્તા પાસે પોલીસ પેટ્રોલિંગમાં હતી, ત્યારે બે શખ્સ ભરતસિંહ મહીડા (ઉં.વ. 40, મૂળ જામનગર, હાલ અંબરનાથ ઈસ્ટ, મુંબઈ) અને મેરાજુદ્દીન જમીલખાન (ઉં.વ. 56, રહે. સુરત) શંકાસ્પદ જણાતા તેમની તલાશી લેતા તેમની પાસે રહેલી થેલીમાંથી 500 રૂપિયાની જૂની ચલણી નોટોના બંડલો મળી આવ્યા હતા. જેની ગણતરી કરતાં કુલ 7,800 નોટો મળી આવી હતી, જેની કુલ કિંમત રૂ.39 લાખ થાય છે. આથી બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આ રદ થયેલી ચલણી નોટો તેઓ મહારાષ્ટ્રના જલગાંવમાં રહેતા અયાનુદ્દીન ગયાસુદ્દીન પતવે પાસેથી લાવ્યા હતા. આ જથ્થો ગાંધીનગરના શૈલેષ પટેલ નામના વ્યક્તિને ગેરકાયદે રીતે બદલી કરવા માટે પહોંચાડવાનો હોવાનું જાણવા મળ્યું હતું. રામોલ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ ફરાર બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરીને સમગ્ર કૌભાંડના નેટવર્ક અંગે વધુ તપાસ શરૂ કરી છે.

## 5 લાખની લાંચમાં મહિલા PSI ફરાર

**બોપલ** પોસઈ વતી 5 લાખની લાંચ લેતા હેડ કોન્સ્ટેબલ રંગેહાથ ઝડપાયો

અમદાવાદ : અમદાવાદ ગ્રામ્ય પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચાવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એક અરજીમાં ફરિયાદી વિરુદ્ધ ગુનો દાખલ નહીં કરવાના બદલામાં 5,000,000 (પાંચ લાખ) ની લાંચ લેતા શીલજ બીટના અલ્પ અનાર્મ હેડ કોન્સ્ટેબલ દિલીપકુમાર મફતભાઈ ભોઈને ખેડા એસીબી (નડિયાદ) ની ટીમે રંગેહાથ ઝડપી લીધો છે. આ લાંચ કાંડમાં બોપલ પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પ્રિતલ જશુભાઈ ચૌધરીની મુખ્ય સંડોવણી ખુલતા એસીબીએ ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, આ કામના ફરિયાદી વિરૂદ્ધ બોપલ પોલીસ સ્ટેશનમાં એક અરજી આવેલી હતી, જેની તપાસ મહિલા પોસઈ પ્રિતલબેન ચૌધરી કરી રહ્યા હતા. આ અરજીની તપાસમાં ફરિયાદી સામે પોલીસ કેસ (ગુનો) દાખલ નહીં કરવાના અવેજ પેટે પોસઈ પ્રિતલબેન ચૌધરી અને હેડ કોન્સ્ટેબલ દિલીપકુમાર ભોઈએ શરૂઆતમાં 10,000,000 (દસ લાખ) ની મસમોટી લાંચની માંગણી કરી હતી. જો કે, ફરિયાદીએ આજીજી અને રકઝક કરતા અંતે 5,000,000 (પાંચ લાખ) લેવાનું નક્કી થયું હતું.ફરિયાદી આ લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી, તેમણે ખેડા એ.સી.બી. પોલીસ સ્ટેશન, નડિયાદનો સંપર્ક સાધી સમગ્ર મામલાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે બે સરકારી પંચોને સાથે રાખીને ગઈકાલ તા.૨૬/૦૬/૨૦૨૬ના રોજ બોપલ પોલીસ સ્ટેશનના શીલજ બીટ ખાતે આવેલી સાયબર ક્રાઈમની ઓફિસમાં લાંચનું છટકું ગોઠવ્યું હતું.

## મહારાષ્ટ્રના ઈમાનદાર FDA કમિશનર તુકારામ મુંડે સ્થાપિત હિતો સામે લડી રહ્યા છે



ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

મુંબઈ મહાનગરપાલિકાના નાયબ કમિશનર ગોવિંદ રાઘો ખૈરનાર યાદ છે? ૧૯૯૦ના દાયકામાં ખૈરનારે મુંબઈ શહેરમાં ફૂટી નીકળેલાં ગેરકાયદે બાંધકામો સામે એવો હથોડો ચલાવ્યો હતો કે સ્થાપિત હિતોએ કાવતરું રચીને તેમને સસ્પેન્ડ કરાવ્યા હતા. ખૈરનાર રિટાયર થયા પછી પણ ભ્રષ્ટાચાર સામે લડતા રહ્યા હતા. આપણા દેશના વહીવટીતંત્રમાં ભ્રષ્ટાચાર સામે લડી શકે તેવા ઉચ્ચ અધિકારીઓ ભાગ્યે જ આવે છે અને આવે તો તેમણે વારંવાર બદલીની સજા ભોગવવી પડે છે. મહારાષ્ટ્રના ફુડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેટર તરીકે નિમાયેલા તુકારામ મુંડે જાણે ખૈરનારનો બીજો અવતાર છે. તેમણે નકલી દવાઓ વેચતા અને ખોરાકમાં ભેળસેળ કરતાં સ્થાપિત હિતો સામે એવી જોરદાર ઝુંબેશ ચલાવી છે કે ખોટું કરનારાઓ પરેશાન થઈ ગયા છે અને આમ જનતા તુકારામ મુંડેના સમર્થનમાં આવી ગઈ છે. તાજેતરમાં તુકારામ મુંડે દ્વારા શિરડીના સાંઈ બાબા મંદિરમાં પ્રસાદ તરીકે આપવામાં આવતાં પેંડામાં ભેળસેળ જણાતાં ૭૦૦ કિલોગ્રામ પ્રસાદનો નાશ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેવી જ રીતે તેમણે મહારાષ્ટ્રની બધી રેસ્ટોરાં માટે ગાઈડલાઈન બહાર પાડી છે, જેમાં દરેક ગ્રાહકને પીવાનું ચોખ્ખું પાણી મફત આપવાનો નિયમ બનાવવામાં આવ્યો છે. તુકારામ મુંડે મહારાષ્ટ્રના ડ્રગ માફિયાઓને આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યા હોવાથી હવે સ્થાપિત હિતો તેમની બદલી કરાવવા સરકાર ઉપર દબાણ લાવી રહ્યાં છે.

તુકારામ મુંડેની ૨૧ વર્ષની વહીવટી સેવામાં ૨૫ વખત બદલી કરવામાં આવી છે. તુકારામ મુંડે આકરા સીધા નિર્ણયો લેવાની ક્ષમતા અને ઈમાનદાર વલણને કારણે સમાચારમાં રહ્યા છે. ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) ના કમિશનર તરીકે કાર્યભાર સંભાળ્યા પછી તુકારામ મુંડેએ રાજ્યભરમાં આક્રમક ઝુંબેશ શરૂ કરી છે, જેમાં તેમણે પોતાની શિસ્તબદ્ધ કાર્યશૈલીનો પરિચય આપ્યો છે. છેલ્લા ૩૦ દિવસમાં તેમના વિભાગે ૯૦૪ સ્થળોએ દરોડા પાડીને ૩૪ કરોડ ૬૬ લાખ રૂપિયાની કિંમતના પ્રતિબંધિત ગુટખા અને પાન મસાલાનો સ્ટોક જપ્ત કર્યો છે. વહીવટીતંત્રે હવે ગુટખા માફિયાઓ પર MCOCA લાદવાનો સંકેત આપ્યો છે જેઓ આરોગ્ય સાથે રમત રમી રહ્યા છે, જેનાથી આ ગેરકાયદેસર વ્યવસાયોમાં ખળભળાટ મચી ગયો છે.

હવે રાજ્યની તમામ હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબામાં આવતા ગ્રાહકોને સ્વચ્છ અને મફત પીવાનું પાણી પૂરું પાડવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ગ્રાહકોને મિનરલ વોટર ખરીદવા માટે દબાણ કરવાની પ્રથા હવે સહન કરવામાં આવશે નહીં. ઉપરાંત, જો હોસ્પિટલો દર્દીઓને તેમની પોતાની સંલગ્ન મેડિકલ દુકાનોમાંથી દવાઓ લેવા દબાણ કરશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. દર્દીઓ કોઈ પણ લાઇસન્સ પ્રાપ્ત દુકાનમાંથી દવાઓ લેવા માટે મુક્ત રહેશે.

તુકારામ મુંડે દ્વારા ડેરી ઉત્પાદનો, માવા અને ખાદ્ય તેલમાં ભેળસેળ અટકાવવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી રહી છે. ઓનલાઈન ફુડ ડિલિવરી પ્લેટફોર્મ અને પ્રખ્યાત બ્રાન્ડ્સને પણ ફુડ સેફ્ટી નિયમોના દાયરામાં લાવવામાં આવ્યા છે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. FDA હવે મુંબઈગરાના પ્રિય ઈડલી-ઢોસાની ગુણવત્તા પર પણ નજર રાખશે. જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતી સંસ્થાઓ સીલ કરવામાં આવી છે, ૪૫૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ૪૨ વાહનો જપ્ત કરવામાં આવ્યાં છે.

હવે, તુકારામ મુંડેએ પુણેમાં મોટી કાર્યવાહી કરી છે અને સાવિત્રીબાઈ ફૂલે યુનિવર્સિટીના કેન્ટીનનું લાઇસન્સ રદ કર્યું છે. ખાદ્ય સુરક્ષા વિભાગે સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટીના પરિસરમાં આવેલી શ્રી શ્રી સ્વામી સમર્થ ભોજનાલય અને કેટરિંગ સર્વિસીસ સામે મોટી કાર્યવાહી કરી છે અને આગામી આદેશ સુધી તેનું ખાદ્ય વ્યવસાય લાઇસન્સ સસ્પેન્ડ કર્યું છે. યુનિવર્સિટીની સેન્ટ્રલ કેન્ટીનમાં અનિયમિતતાઓ અને સ્વચ્છતાના અભાવ અંગે ફરિયાદો મળ્યા બાદ ખાદ્ય સુરક્ષા વિભાગની એક ટીમે ઓચિંતું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણમાં ચોંકાવનારાં તથ્યો બહાર આવ્યાં હતાં અને સાબિત થયું હતું કે ખાદ્ય સુરક્ષા નિયમોનું ગંભીર ઉલ્લંઘન થઈ રહ્યું છે. કેન્ટીનમાં ખોરાક રાંધવા અને સંગ્રહ કરવાની પ્રક્રિયા ખૂબ જ અસુરક્ષિત રીતે કરવામાં આવી રહી હતી.

એવું જાણવા મળ્યું કે કાચો અને રાંધેલો ખોરાક એકબીજાથી સુરક્ષિત અંતરે રાખવો ફરજિયાત છે, પરંતુ આવા કોઈ નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું નથી. ખોરાકના સંગ્રહ, હેન્ડલિંગ અને તાપમાન નિયંત્રણની મહત્ત્વપૂર્ણ પ્રક્રિયાઓમાં અનિયમિતતાઓ જોવા મળી હતી. એવું પણ જોવા મળ્યું છે કે આ કેન્ટીનમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે કોઈ અસરકારક પદ્ધતિ નથી. સમગ્ર કેન્ટીન વિસ્તારની સ્વચ્છતા ખૂબ જ ચિંતાજનક હતી. સ્વચ્છતા જાળવવા અંગે આપવામાં આવેલી સૂચનાઓનું સંપૂર્ણ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે રમત કરતી બેદરકારીને કારણે ફુડ સેફ્ટી વિભાગે કડક વલણ અપનાવ્યું છે અને લાઇસન્સ સસ્પેન્ડ કર્યું છે. સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી ફુડ સેફ્ટીના નિયમોનું કડક પાલન કરવામાં નહીં આવે અને સ્વચ્છતાની ખામીઓ દૂર કરવામાં ન આવે ત્યાં સુધી આ કેન્ટીન બંધ રહેશે. આ કાર્યવાહીથી યુનિવર્સિટીના પરિસરમાં રહેલી અન્ય કેન્ટીનના સંચાલકોનાં હૃદય હચમચી ગયાં છે.

ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનને ફરિયાદો મળી હતી કે શિરડીના સાંઈ મંદિર વિસ્તારમાં ખાનગી દુકાનદારો પ્રસાદના નામે ભક્તોને ખૂબ જ નબળી ગુણવત્તાવાળા પેંડા વેચી રહ્યા છે. કમિશનર તુકારામ મુંડેએ ભક્તોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકતાં આવાં તત્ત્વો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. કમિશનર તુકારામ મુંડેના આદેશ બાદ અહિલ્યાનગર ટીમે શિરડીમાં દરોડા પાડ્યા હતા. છેલ્લા ૧૫ દિવસમાં આ બીજી વખત પ્રસાદની દુકાનો અને પ્રસાદનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. FDA અધિકારીઓએ ગઈ કાલે દિવસભર શિરડીમાં આ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં ૭૦૦ કિલોથી વધુ હલકી ગુણવત્તાવાળા પેંડા જપ્ત કરવામાં આવ્યા હતા અને કાનૂની પ્રક્રિયા મુજબ તેનો નાશ કરવામાં આવ્યો હતો. આ નાશ પામેલા પેંડાની બજાર કિંમત આશરે ૨ લાખ રૂપિયા હોવાનું કહેવાય છે.

પોતાના આક્રમક અને કડક વહીવટી પગલાં માટે જાણીતા અધિકારી તુકારામ મુંડે દ્વારા સંભવિત કાર્યવાહીના ડરથી નાંદેડ શહેરના ઘણા કરિયાણાના દુકાનદારો અને તેલ વિક્રેતાઓએ અચાનક ફાજલ રસોઈ તેલ વેચવાનું બંધ કરી દીધું છે. ઘણી દુકાનો પર ફાજલ તેલ ઉપલબ્ધ નથી લખેલાં બોર્ડ લગાવવાથી નાગરિકોમાં શંકાનું વાતાવરણ ઊભું થયું છે અને ઘણાં વર્ષોથી વેચાતા ફાજલ તેલની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. આ અચાનક ફેરફારથી નાગરિકોના સ્વાસ્થ્યનો પ્રશ્ન ઊભો થયો છે અને ગ્રાહકો પૂછી રહ્યા છે કે શું વેપારીઓએ કાર્યવાહીના ડરથી આ નિર્ણય લીધો છે કે શું તેમને અત્યાર સુધી વેચાતા તેલની ગુણવત્તા અંગે શંકા હતી. ઘણાં પરિવારો વર્ષોથી સસ્તા ફાજલ રસોઈ તેલનો ઉપયોગ કરી રહ્યા છે. આવા તેલના સેવનથી હૃદય રોગ, પાચનતંત્રના રોગો અને અન્ય ગંભીર રોગો થવાની શક્યતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

કોઈ પણ ઈમાનદાર ઓફિસર પોતાની ફરજ ભયમુક્ત થઈને બજાવે ત્યારે સ્થાપિત હિતોનો ગરાસ લૂંટાઈ જાય છે અને તેઓ સરકારમાં પોતાની વગનો ઉપયોગ કરીને તેમની બદલી કરાવી નાખે છે. તુકારામ મુંડે સાથે પણ કદાચ એવું બની શકે તેમ છે. શરદ ચંદ્ર પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના ધારાસભ્ય જીતેન્દ્ર આવડે આરોપ લગાવ્યો છે કે સરકારે આ વિભાગને ગંભીરતાથી લીધો નથી. ભેળસેળથી કેન્સરનું પ્રમાણ વધ્યું છે. આવડે કહ્યું કે નિરીક્ષણ માટે મોકલવામાં આવેલો માલ આરોગ્યપ્રદ નથી. જીતેન્દ્ર આવડે વિધાનસભામાં ચોંકાવનારી માહિતી આપી હતી કે તુકારામ મુંડેની ટ્રાન્સફર માટે આંતરરાષ્ટ્રીય ડ્રગ લોબી પાસેથી ૨૫૦ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા હતા. જો ભાજપના મોરચાની સરકાર આ વખતે પણ સ્થાપિત હિતોનાં દબાણ સામે ઝૂકી જઈને તુકારામ મુંડેની બદલી કરી નાખે તો માનવું પડશે કે મહારાષ્ટ્ર સરકારને પ્રજાના આરોગ્યની નહીં પણ સ્થાપિત હિતોની વધુ ફિકર છે. તુકારામ મુંડેને આ હોદ્દા પર ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી રાખવાની માગણી પણ જનતા કરી રહી છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**જિતેન્દ્ર આવડે વિધાનસભામાં ચોંકાવનારી માહિતી આપી હતી કે તુકારામ મુંડેની ટ્રાન્સફર માટે આંતરરાષ્ટ્રીય ડ્રગ લોબી પાસેથી ૨૫૦ કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા હતા**

# BUSINESS મિત્ર

## કોરિયન માર્કેટમાં 'ક્રેશ': કોસ્પી ૧૯% તૂટ્યો, લોઅર સર્કિટ લાગી

**એઆઇના** નબળા સેન્ટિમેન્ટના પગલે સેમસંગ અને એસકે હાયનિક્સ 10 ટકાથી વધુ તૂટયા

**એફઆઇઆઇએ** 5 ટ્રિલિયન વોનના શેરો વેચ્યા

નવી દિલ્હી, તા. 26: દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ગત સપ્તાહમાં ભારે વેચવાલી જોવા મળી હતી, જેમાં ગઈકાલે પણ વેચવાલી હાવી રહી હતી. જેનું મુખ્ય કારણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની આસપાસના નબળા સેન્ટિમેન્ટ વચ્ચે ટેકનોલોજી શેરોમાં ભારે વેચાણ ચાલુ હોવાથી સપ્તાહનો બીજો ટ્રેડિંગ સ્ટોપ શરૂ થયો હતો. બેન્ચમાર્ક ઈન્ડેક્સમાં તીવ્ર ઘટાડો થયા બાદ કોરિયા એક્સચેન્જે 20 મીનીટનો ટ્રેડિંગ હોલ્ટ લાગ્યો હતો, એટલે કે લોઅર સર્કિટ વાગી હતી, જે બાદમાં વધુ ઘટ્યો હતો. આમ, સપ્તાહ દરમ્યાન 19 ટકા તૂટયો હતો.

સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ અને એસકે હાયનિક્સ શેરમાં ટ્રેડિંગના એક તબક્કે 10 ટકાથી વધુનો ઘટાડો થયો હતો. વિદેશી રોકાણકારોએ લગભગ 5 ટ્રિલિયન વોનના શેર વેચ્યા હતા. જે લગભગ 3.1 લાખ કરોડ રૂપિયા સમકક્ષ થાય છે.

બંને ચિપ ઉત્પાદકો સાથે મળીને કોસ્પીના ઈન્ડેક્સ 60 ટકા હિસ્સો ધરાવે છે. પરિણામે તેમના શેરમાં તીવ્ર ઘટાડાની બેન્ચમાર્ક ઈન્ડેક્સ પર નોંધપાત્ર પડે છે. વૈશ્વિક સેમિકન્ડકટર સપ્લાય ચેઈનમાં તેમનું મહત્વ એ પણ છે કે આ શેરોમાં નબળાઈ ભારત સહિત એશિયન બજારોમાં રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મુકે છે. આ ઉપરાંત, રોકાણકારોએ એપલ દ્વારા આઈપેડ અને મેકબુકના ભાવમાં વધારો કરવાની અસરનું મુલ્યાંકન કર્યા પછી બજારનું સેન્ટિમેન્ટ વધુ નબળું પડ્યું હતું. એપલના શેરમાં 6.1 ટકાનો ઘટાડો નોંદાયો છે. જેના કારણે બજારનું મુલ્યમાં લગભગ 250 અબજ ડોલરનો ઘટાડો થયો હતો..

રોકાણકારોએ એપલના પગલાંને એક સંકેત તરીકે જોયો હતો કે ચિપના વધતા ભાવથી આખર ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સની માગને નુકશાન થઈ શકે છે, જેના કારણે એઆઈ લિંક્ડ એઆઈ લિંક્ડ સેમિકન્ડકટર શેરોમાં વેચાણ થયું હતું. જેથી બજાર વધુ સાવચેત થઈ રહ્યા છે. ઉંચા ઈનટપુટ ખર્ચ, ભારે કેપેક્સની જરૂરિયાતો અને વધતી જતી ભંડોળની માગ રોકામકારોને એઆઈ એક્સપોઝર વિશે વધુ પસંદગીયુક્ત બનાવી રહી છે. ઓપનએઆઈ તેની પ્રારંભિક જાહેર ઓફરમાં વિલંબ કરી શકે છે તેવા અહેવાલો દ્વારા રોકાણકારોના સેન્ટિમેન્ટને પણ ફટકો પડ્યો હતો. ન્યુયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, ઓપનએઆઈ તેના શેરબજારમાં પ્રવેશને આવતા વર્ષ સુધી મુલતવી રાખવાનું વિચારી રહી છે. રોઈટર્સે અગાઉ અહેવાલ આપ્યો હતો કે કંપની, જેણે યુએસ આઈપીઓ માટે ગુપ્ત રીતે ફાઈલ કરી છે, તે એક ટ્રિલિયન ડોલર સુધીના મુલ્યાંકનને લક્ષ્યાંકિત કરી રહી છે. ચીફ ફાઈનાન્સીયલ ઓફિસર સારાહ ફ્રાયરે કેટલાક સાહયોગીઓને સંકેત આપ્યો હતો કે 2027માં લિસ્ટીંગનું લક્ષ્ય રાખવામાં આવી રહ્યું છે. સિંગાપોરના લોમ્બાર્ડ ઓડિયરના વ્યુહરચનાકાર હોમિન લીએ બ્લુમબર્ગને જણાવ્યું હુતં કે, એપલના ભાવમાં વધારાની સાથે યુએસમાં આઈપીઓ વિલંબની અફવાઓને કારણે આ પગલાં લેવામાં આવ્યા છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૪૦૦ |
| તેજાબી સોનું | ૧૪૫૩૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૧૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૨૪૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૪૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૭૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૯૦૦૦ |

## સોનુ વિક્રમી ઉંચાઈએથી 29 ટકા તૂટયું

**હજુ** $3400 સુધી ઘટી શકે છે સોનાના ભાવ

એક જ સપ્તાહમાં સોનામાં ૩.૮%નો મોટો કડાકો

વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં ઘટાડાનું વલણ અટકવાનું નામ લઈ રહ્યું નથી. યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારાના સંકેતો અને ડોલર મજબૂત થવાના સંકેતોને કારણે સતત ચોથા સપ્તાહમાં સોનાના ભાવમાં ઘટાડો થયો હતો.

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું હાલમાં 4000 ડોલર પ્રતિ ઔંસના સ્તરની આસપાસ સંઘર્ષ કરી રહ્યું છે. બુધવારે, તે નવેમ્બર 2025 પછી પ્રથમ વખત 4000 ડોલરના સ્તરથી નીચે સરકી ગયું હતું. જો તમે પણ સોના કે ચાંદીમાં રોકાણ કરો છો, તો તમારે વૈશ્વિક બજારના આ સમગ્ર ગણિતને સમજવી ખૂબ જ જરૂરી છે.

સ્પોટ ગોલ્ડ 0.6 ટકા ઘટીને 4002.77 ડોલર પ્રતિ ઔંસ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, ઓગસ્ટ ડિલિવરી માટે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ પણ 0.7 ટકા ઘટીને 4017.30 ડોલર પર ટ્રેડ કરી રહ્યો હતો. આ સમગ્ર સપ્તાહની વાત કરીએ તો સોનામાં લગભગ 3.8 ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે.

આ વર્ષે 29 જાન્યુઆરીએ અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે વૈશ્વિક ફુગાવાને કારણે સોનું 5594.82 ડોલર પ્રતિ ઔંસની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યું હતું. પરંતુ ત્યારબાદથી સોનાના ભાવમાં લગભગ 29 ટકાનો મોટો સુધારો થયો છે.

ઓએએનડીએના સિનિયર માર્કેટ એનાલિસ્ટ કેલ્વિન વોંગનું માનવું છે કે સોનામાં આ સતત ઘટાડાનું વલણ વધુ લાંબા સમય સુધી ખેંચી શકે છે અને લાંબા ગાળે સોનું 3400 ડોલરના સ્તર પર સરકી શકે છે. એટલે કે બજાર નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધુ ઘટાડો જોવા મળી શકે છે. ફેડરલરિઝર્વના હોકીશ વલણને કારણે યુએસ ડોલર ઈન્ડેક્સ મે 2025 પછીના સૌથી મજબૂત સ્તરની નજીક છે. સતત બીજા સપ્તાહમાં ડોલર વધી રહ્યો છે. જ્યારે ડોલર મજબૂત થાય છે, ત્યારે ભારતીય રૂપિયા જેવા અન્ય ચલણોમાં સોનું ખરીદવું ખૂબ મોંઘું થઈ જાય છે, જેના કારણે તેની માંગ ઘટે છે. આ ઉપરાંત, યુએસમાં રિટેલ ફુગાવો મે મહિનામાં 4 ટકાને પાર કરી ગયો છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ છે. સામાન્ય રીતે સોનાને ફુગાવા સામે સલામત રોકાણ માનવામાં આવે છે, પરંતુ જ્યારે ફુગાવાને નિયંત્રિત કરવા માટે વ્યાજ દરમાં વધારો કરવામાં આવે છે, ત્યારે સોનાની ચમક ઝાંખી થઈ જાય છે. આનું કારણ એ છે કે સોના પર કોઈ વ્યાજ કે ઉપજ મળતી નથી. વેપારીઓ અપેક્ષા રાખે છે કે યુએસ ફેડ આ વર્ષે ત્રણ વખત વ્યાજ દરમાં વધારો કરશે, સપ્ટેમ્બરમાં દર વધારાની સંભાવના 64 ટકા સુધી વધારવાની સંભાવના છે.

## CSR ખર્ચ આવકમાંથી બાદ મળે?

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

કલમ-37 (1)ની સમજૂતી-2 મુજબ કંપની કાયદાની કલમ-135 અન્વયે કાયદાકિય ફરજને આધિન થતાં ખર્ચા ધંધાકિય આવકમાંથી બાદ મળવાને પાત્ર નથી.

કલમ-135 મુજબ સામાજિક સુખાકારી (Werfare), પર્યાવરણ સંબંધી તથા સામાજિક સુદ્રઢતાને પ્રોત્સાહન આપતા અને કાયદાના શિડયુલ-7માં નિર્દેશિત આવા ખર્ચાઓ કરવા ફરજિયાત છે, જે છેલ્લા ત્રણ નાણાંકિય વર્ષના સરેરાશ પ્રોફિટના 2% કરવા જરૂરી છે.

હવે આવા ફરજિયાત (Mandatory) ખર્ચાઓ ઈન્કમટેક્ષ કાયદા મુજબ અમાન્ય છે. તો આ સંજોગોમાં આવા નામંજૂર ખર્ચાઓ કપાતની અન્ય કલમ-80G, હેઠળ બાદ મળે ખરા?

**વિવિધ ચૂકાદાઓ**

બેંગ્લોર ટ્રીબ્યુનલે ગોલ્ડમેન સાચ સર્વિસીસ પ્રા.લિ. વિ. જોઈન્ટ કમિશનર (2020)ના કેઈસમાં આવકવેરા અધિકારીએ કરેલ ખર્ચ સ્વૈચ્છિક (Voluntary) નહિ હોય પરંતુ કાયદાની કલમ હેઠળ ફરજ પાડેલ હોય કલમ-80G હેઠળ દાન (Donation) ગણીને કપાત આપી શકાય નહિ. ટ્રીબ્યુનલે જણાવ્યું કે કલમ-80G(2)ના પેટા ક્લોઝ- iiihk અને iiihl હેઠળ સ્વચ્છ ભારત કોસ અને ક્લીન ગંગા ફંડમાં આવા સી.એસ.આર. ફંડમાંથી કરેલ ખર્ચાઓ માન્ય નથી. જ્યારે આવા સ્પષ્ટ શબ્દોમાં અપવાદ જણાવેલ હોય તો એ સિવાયની બાબતોની ચૂકવણી કલમ-80G હેઠળ જો અન્ય આનુપાંગિક શરતો પૂર્ણ થતી હોય તો કપાત મળવી જોઈએ.

આવકવેરા અધિકારીએ ડોનેશનની સત્યતા (Genuine) સ્વીકારી છે પરંતુ આવો ખર્ચ સ્વૈચ્છિક નથી એટલા કારણથી નામંજૂર કરી શકાય નહિ. પરંતુ આ મેટર આવકવેરા અધિકારીને પરત મોકલીને કલમ-80G હેઠળનો દાવો કરવા પાછળની જરૂરિયાત અને એને લગતી શરતોની વિગતો રજૂ કરીને કરદાતાને તક આપીને વેરીફાયે કરવા ઠરાવ્યું.

- કોલકતા ટ્રીબ્યુનલે જે એચએમ માઈનીંગ પ્રા.લિ.માં પ્રિન્સિપાલ કમિશનરના આ સંદર્ભે રિવિઝન ઓર્ડર બાબતે નોંધ કરતાં જણાવ્યું કે કલમના પેટા-ક્લોઝ મુજબના અપવાદો સિવાય બાકીની બધી જ સંસ્થા/ટ્રસ્ટો) N.G.O. ને કરેલ પેમેન્ટ જો કલમ-80Gની શરતોનું પાલન થાય તો બાદ મળે.

- વળી બેંગ્લોર ટ્રીબ્યુનલે ફર્સ્ટ અમેરિકન (ઈન્ડિયા) પ્રા.લિ.માં આકારણી અધિકારીના આવા ખર્ચાઓ નફા-નુકસાન ખાતે ઉધારેલ હોય, નામંજૂરના દાવાને અયોગ્ય ઠરાવેલ છે. અધિકારીને ખર્ચાની ચૂકવણી (Nature of payment) તપાસ્યા વગર કપાત નામંજૂર સંબંધે ટ્રીબ્યુનલે નોંધ્યુ છે કે આ અંગેની શરતો પરિપૂર્ણ થયેલ હોવાનું અને દાવાના સંદર્ભે જરૂરી વિગતો ચકાસવાનું અધિકારીને ફરમાન કર્યું છે.

આમ ઉપર જોયુ તેમ જે બે નિર્દેશિત ફંડ છે એ સિવાયના તમામ NGO ને 80G સંબંધી કરેલ પેમેન્ટ બાદ મળે. અને આ રકમ કુલ ભેગી રકમ કરદાતાની ટોટલ આવક (Gross total income)ના 10%થી વધવી જોઈએ નહિ અને આ ભેગી આવકના 50% લેખે આવકમાંથી બાદ મળવા પાત્ર છે.

## ભારતમાં ક્રિપ્ટો પર ટૂંકમાં નવા નિયમો લાવવા સરકાર તત્પર

**ક્રિપ્ટો** પર નિયમો પર ચર્ચા માટે સંસદીય નાણાકીય પેનલ રિઝર્વ બેંકને મળશે

**સંસદીય** પેનલ ૨ જુલાઈએ RBI સાથે કરશે બેઠક

**વર્ચ્યુઅલ** ડિજિટલ એસેટ્સના ભવિષ્ય અને ટેક્સ નિયમો અંગે સરકારની કવાયત તેજ

મુંબઈ, તા. 26: ભારતમાં ક્રિપ્ટોકરન્સી અને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (VDA) ને કાનૂની માળખામાં લાવવા માટે સરકાર અને નિયમનકારો વચ્ચેની હિલચાલ ઝડપી બની છે. ભારતની સંસદીય નાણાકીય સ્થાયી સમિતિ (Finance Panel) આગામી ૨ જુલાઈના રોજ નવી દિલ્હીમાં ભારતીય રિઝર્વ બેંક (RBI) ના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજવા જઈ રહી છે. આ સમિતિની ૮મી સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન બેઠક હશે, જેમાં ક્રિપ્ટોકરન્સી માટેના ભવિષ્યના રેગ્યુલેટરી ફ્રેમવર્ક અને આગળના માર્ગ પર ગંભીર ચર્ચા કરવામાં આવશે. આ બેઠક બાદ સમિતિ દેશમાં ક્રિપ્ટો ટેક્સેશનના નિયમોને સમજવા માટે ICAI સાથે પણ વાતચીત કરશે.